ગાંધીનગર સમાચાર

**મેડીકલ કોલેજની આખરી મંજૂરી માટે એમસીઆઈનું ઈન્સ્પેક્શન ન આવતાં ચિંતા**

# ત્રણ દિવસના મીની વેકેશન બાદ વિધાનસભા આજે મળશે

## રાજ્યપાલશ્રીના પ્રવચન પર વિપક્ષે ૨૦થી વધુ સુધારા સૂચવ્યા છે : આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન વિપક્ષ અને ભાજપ વચ્ચે બરાબરીનું વાકયુદ્ધ જામશે

ગાંધીનગર, તા. ૨૬

ત્રણ દિવસના મીની વેકેશન બાદ આજે રાજ્ય વિધાનસભાનું સત્ર પુનઃ શરૂ થઈ રહ્યુ હોવાથી ગાંધીનગરમાં બેઠકોનો સિલસિલો વધી જવા પામ્યો છે.

આજે વિધાનસભાગૃહમાં રાજ્યપાલશ્રીના સંબોધન બદલ આભાર માનતો પ્રસ્તાવ જે રજુ થયો છે તેના પર ચર્ચાનો આરંભ થશે. બાવકુભાઈ ઉઘાડે આ પ્રસ્તાવ રજુ કર્યો છે. આ આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન વિપક્ષ અને ભાજપ વચ્ચે બરાબરીનું વાકયુદ્ધ જામશે તેમ જાણવા મળેલ છે.

વિપક્ષ દ્વારા આ આભાર પ્રસ્તાવ પર ૨૦થી વધુ સુધારા રજુ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો આરંભ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના પ્રવચનથી થશે.

દસકાનુ સૌથી ટુંકુ સંબોધન રાજ્યપાલશ્રીએ કર્યુ હતુ. વિપક્ષો દ્વારા કરાયેલા વિરોધને પગલે તેમણે તેમનું સંબોધન ટુંકાવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

આજથી ત્રણ દિવસ માટે આભાર પ્રસ્તાવ પર ચર્ચા ચાલશે. આ દરમ્યાન વિપક્ષ કોંગ્રેસ ભાજપને ભીંસમાં લેવાની એક પણ તક જતી નહિ કરે તેમ મનાઈ રહ્યુ છે. વિપક્ષે પણ ચર્ચામાં નવોદિત ચહેરાઓને મેદાનમાં ઉતારવાની વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન વિપક્ષ દ્વારા આક્ષેપોનો જબરો મારો ચલાવવામાં આવશે આ સામે ભાજપે પણ વળતો હુમલો એટલી આક્રમકતાથી જ કરવાની વ્યુહરચના તૈયાર કરી અને સભ્યોને પ્રવચનના મુદ્દાઓ સાથેની વિસ્તૃત છણાવટ સાથેની નોંધ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આભાર પ્રસ્તાવ પરની ચર્ચાને અંતે બુધવારથી પૂરક માંગણીઓને લઈ ગૃહમાં ચર્ચાઓ આરંભાશે.



પ્રવેશ દ્વારનું નિર્માણ - ગાંધીનગર સાંસ્કૃતિક નગર, હરિયાળા નગર તરીકે ઓળખાય છે... સાથે સાથે ઔદ્યોગિક નગર પણ છે... અહીં ઔદ્યોગિક વસાહત પણ આવેલી છે... સેક્ટર-૨૮ ખાતે આવેલ જીઆઈડીસી છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં રહી હતી... ખખધડ માર્ગો હોય, પાણીનો પ્રશ્ન હોય કે પછી ગટર લિકેજનો પ્રશ્ન હોય જેવા પ્રશ્નોનો સામનો કરી રહેલી સેક્ટર-૨૮ જીઆઈડીસી હવે ધીમે ધીમે નવા શણગાર સજી રહી છે... સેક્ટર-૨૮ જીઆઈડીસીમાં પણ હવે આકર્ષક પ્રવેશ દ્વારના નિર્માણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે...



સંસ્કૃતિ કુંજ - વસંતની શરૂઆત થાય એટલે ગાંધીનગર ધમધમતુ થવા લાગે... ઠેર ઠેર વસંતોત્સવની ઉજવણી શરૂ થવા લાગે... દર વર્ષની જેમ આ વર્ષે પણ પણ ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે સોમવારથી વસંતોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે નવા રૂપ-રંગ સાથે સંસ્કૃતિ કુંજને સજાવવામાં આવ્યું છે... સાથે સાથે રોશનીથી પણ ઝળાહળા પણ કરવામાં આવ્યું છે....

# મેડીકલ કોલેજની આખરી મંજૂરી માટે એમસીઆઈનું ઈન્સ્પેક્શન ન આવતાં ચિંતા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સહિત રાજ્યમાં પાંચ મેડીકલ કોલેજોની આખરી મંજૂરી માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ દ્વારા ઈન્સ્પેક્શન ફેબ્રુઆરી માસ સંપન્ન થવા આવ્યો હોવા છતાં નહિ થતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને સોસાયટીના સંચાલકોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

સામાન્યતઃ માર્ચ માસમાં કોલેજને આખરી મંજૂરીનું પ્રમાણપત્ર આપી દેવામાં આવતુ હોય છે. જેથી યુનિ.ની પરીક્ષા બાદ અપાતા પ્રમાણપત્ર (ડીગ્રી સર્ટિફીકેટ)માં તે જરૂરી હોય છે.

ફેબ્રુઆરીના અંતિમ દિવસો આવી ચુક્યા હોવા છતાં કાઉન્સીલર દ્વારા આ ઈન્સ્પેક્શન કરવામાં આવ્યુ નથી. સોસાયટીના સંચાલકો પણ રાહ જોઈ અને થાક અનુભવવા લાગ્યા છે.

૩૧મી માર્ચ પહેલાં કાઉન્સીલની કોલેજ તરીકેની આખરી મંજૂરી મળે તે પછી જો કોઈ કોલેજને પીએ માટે એપ્લાય કરવુ હોય તો તે માટેની પુરતી તક મળી રહે તે પણ એટલુ જરૂરી જ છે.

પરીક્ષા વખતે એક ઝડપી ઈન્સ્પેક્શન કાઉન્સીલ દ્વારા થઈ ગયુ છે. હવે આખરી મંજૂરીમાં હોસ્પિટલની સેવાઓ તેમજ કોલેજની સુવિધાઓ સહિતની બાબતોની ચકાસણી કરવાની હોય છે.

એમઈઆરએસ સોસાયટી દ્વારા રાજ્યમાં પાંચ મેડીકલ કોલેજો આખરી મંજૂરી માટે રાહ જોઈ રહી છે. આમ તો દર વર્ષે નવા અભ્યાસક્રમની મંજૂરી કાઉન્સીલના ઈન્સ્પેક્શનને અંતે જ આપવામાં આવતી હોય છે.

પાંચ વર્ષનો અભ્યાસક્રમ તેના અંતિમ તબક્કામાં છે ત્યારે આ મંજૂરી માટે ઈન્સ્પેક્શન ન આવતાં હવે વાલીઓ, વિદ્યાર્થીઓ અને સંચાલકો ચિંતાતુર બન્યા છે.

## એકાદ સપ્તાહમાં ઈન્સ્પેક્શન આવશે : કોઈએ ચિંતા કરવાની જરૂર નથી : સોસાયટીના સૂત્રો

જો કે સોસાયટીના સંચાલકોના આધારભૂત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એકાદ સપ્તાહમાં જ આ ઈન્સ્પેક્શન માટે ટીમ આવી જશે અને સૌની આતુરતાનો અંત આવશે. કોઈએ કંઈ ચિંતા કરવાની જરૂર નથી. થોડોક વિલંબ જરૂર થયો છે પણ તેનાથી વિદ્યાર્થીઓના ભાવિ પર કોઈ અસર નહિ પડે. આ માટે સોસાયટી દ્વારા તમામ તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લા વિકાસ અધિકારીને પણ વિકેન્દ્રીત જિલ્લા આયોજન અંતર્ગત ૫૦ લાખની ગ્રાન્ટ ફળવાશે

ગાંધીનગર, તા. ૨૬

વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિકાસના કામો માટે જિલ્લાતંત્ર હસ્તક મુકવામાં આવતી રૂ. ૧ કરોડની ગ્રાન્ટને હવે વિભાજીત કરી અને ૫૦ લાખ જિલ્લા કલેક્ટર હસ્તક અને ૫૦ લાખ જિલ્લા વિકાસ અધિકારી હસ્તક મુકવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના આયોજન પ્રભાગ દ્વારા આ અંગેના હૂકમો કરવામાં આવ્યા છે અને વર્ષ ૨૦૧૭-૧૮થી આ નિર્ણય અમલી બનશે.

મળતી વિગતો મુજબ આ ગ્રાન્ટ જિલ્લા વિકાસ અધિકારી હસ્તક મુકવા માટે મળેલી રજુઆતો પછી પુખ્ત વિચારણાને અંતે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ગ્રાન્ટમાંથી વિકાસથી વંચિત ગામોમાં વિકાસના કામોને અગ્રતા આપવાની રહેશે. આ ઉપરાંત સેવાસેતુ, પ્રગતિસેતુ લોક દરબાર જેવા કાર્યક્રમોમાં સામુહિક વિકાસના કામોની મળેલી રજુઆતને પણ જિલ્લા વિકાસ અધિકારીએ ધ્યાને લઈ કામો સૂચવવાના રહેશે.

સામુહિક વિકાસના કામો માટે જિલ્લા કલેક્ટરની જેમ જ માર્ગદર્શક સૂચનાઓ જે જારી કરવામાં આવી હતી તે પણ જિલ્લા વિકાસ અધિકારીને લાગુ પડશે.

જિલ્લામાં વિકાસના કામોને વેગ મળે અને સંતુલિત વિકાસનો હેતુ સિદ્ધ થાય તે માટે આ ગ્રાન્ટનું વિભાજન કરી અને અલગ અલગ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ સામાન્ય વહીવટ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળ આ ગ્રાન્ટની ઘણા જિલ્લાઓમાં રકમ નહિ વપરાઈ હોવાની વાતો પણ ચર્ચામાં બહાર આવી હોવાનું જાણવા મળેલ છે.

# વિશ્વ મહિલા દિવસની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીની તૈયારીમાં તંત્ર ગળાડુબ

## સાતમીએ દેશની ૫ હજાર મહિલા સરપંચો સાત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વિકાસકામો જોવા જશે

ગાંધીનગર, તા. ૨૬

આગામી ૮મી માર્ચે યોજાનાર વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત મહાત્મા મંદિર ખાતે દેશભરની ૬૦૦૦થી વધુ મહિલા સરપંચો આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમ અંગે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ દેશના વિવિધ રાજ્યોમાંથી આવી રહેલ ૫ હજાર જેટલી મહિલા સરપંચો ૬ઠ્ઠીએ રાત્રે અથવા ૭મીએ સવારે ગાંધીનગર આવી પહોંચશે.

આ મહિલા સરપંચો સાતમીએ સાત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં થયેલા વિકાસના કામોનું નીરીક્ષણ કરશે. નાણાંપંચની ગ્રાન્ટમાંથી તેમજ વિકેન્દ્રીત જિલ્લા આયોજનના કામો તેઓ નિહાળશે.

સાતમીએ સાંજે અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ભારત સરકાર
યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય
રાષ્ટ્રીય યુવા વાહિની હેઠળ નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરમાં ૧૦-સ્વયં સેવકોની ભરતી કરવા માટે અરજીઓ મંગાવે છે
ભારત સરકારને એવા યુવાનોની જરૂર છે કે જે તેમની ઉર્જા અને ક્ષમતાઓને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિમાં સ્વયસેવકોના જુથના માધ્યમથી સહભાગી થઈ શકે. આ માટે એવા યુવાનો કે જેઓ આરોગ્ય, સાક્ષરતા, સ્વચ્છતા, જાતિ અને અન્ય સામાજિક મુદ્દાઓ પર જાગૃતિ કાર્યકરો કરી શકે તેમજ આકસ્મિક પરિસ્થિતિમાં સરકારી તંત્રને મદદ કરી શકે અને સરકારશ્રીના વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરી શકે તેવા ઉમેદાવારો પાસેથી અરજી મંગાવે છે
લાયકાત :-
(૧) સ્વયંસેવક (National Youth Volunteer) ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવો જોઈએ. સ્નાતક તથા ઉચ્ચ શિક્ષણને અગ્રતા આપવામાં આવશે.
(૨) સ્વયંસેવકની ઉંમર તારીખ ૦૧.૦૪.૨૦૧૭ના રોજ ૧૮ થી ૨૯ વર્ષ સુધીની હોવી જોઈએ.
(૩) સ્વયંસેવક રેગ્યુલેટર સ્યુડન્ટના હોવા જોઈએ. અભ્યાસ ચાલુ ન હોવો જોઈએ.
(૪) બેઝીક કોમ્પ્યુટરનું જ્ઞાન તથા એન્ડ્રોઈડ ફોન ધરાવતા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.
(૫) માનદ વેતન : સ્વયંસેવકને દર મહિને રૂા. ૫,૦૦૦/- માનદ વતેન આપવામાં આવશે. (આ કોઈ પગારવાળી કાયમી નોકરી નથી કે સ્વયંસેવકને કાયમી સરકારી નોકરી માટે દાવો કરવાનો કોઈ કાયદાકીય અધિકાર પણ નથી.)
અરજી કેવી રીતે કરશો : સ્વયંસેવકે નહેરુ યુવા કેન્દ્ર સંગઠનની વેબસાઈટ www.nyks.org પર ઓન લાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી એક કોપી નહેરુ યુવા કેન્દ્રના નીચે જણાવેલ સરનામે તારીખ ૦૬.૦૩.૨૦૧૭માં મોકલી આપવાની રહેશે.
સરનામું : યુવા સંયોજક શ્રી
નહેરૂ યુવા કેન્દ્ર
બ્લોક નં. ૧૦/૧, 'ચ' ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર
ફોન નં. ૨૩૨-૬૨૦૦૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૦૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com